RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૨ તા.૧૭–૬–૧૯
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની આઈડી નં.૧૫૨ (રાંદેરઝોન) તા.૦૯–૦૫–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૭–૬–૧૯ની અપીલ નં. SMC/FAP/RTI CELL/નં.૦૨/ ૧૯–૨૦

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની આઈડી નં.૧૫૨ (રાંદેરઝોન) તા.૦૯–૦૫–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ તથા ખોટી અને અધૂરી માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૧૯ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર–રાંદેરઝોન તરફથી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતી/પાઠવેલ પત્રની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેઓનો પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને પત્ર નં. આરટીઆઈ સેલ/૫૦ તા.૨૦–૦૬–૧૯ થી તથા અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧ તા.૨૦–૬–૧૯ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને **જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ** તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૫૪ તા.૨૫–૬–૧૯ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર–રાંદેરઝોન તરફથી તબદીલી અંગેનો પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૩૨૧ તા.૯–૫–૧૯ની નકલ, અરજદારની તા.૦૯–૫–૧૯ની અરજીની નકલ, મુદ્દા નં.૩ થી ૫ માટે પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી–આરટીઆઈ સેલ તરફથી લાગત જાહેર માહિતી અધિકારીઓને આંશિક તબદીલી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯ તા.૧૦–૫–૧૯ ની નકલ, અરજદારને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે નમૂનો–ખ માં પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮ તા.૨૩–૫–૧૯ની નકલ મળેલ છે તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા.૦૯–૫–૧૯ની આરટીઆઈ હેઠળની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર–રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૩૨૧ તા.૯–૫–૧૯ થી અત્રેના આરટીઆઈ સેલ ખાતાને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૧૦–૫–૧૯ના રોજ મળેલ. સદર અરજીના અત્રેના ખાતાને લાગત **મુદ્દા નં.૧ઃ** ગુજરાત રાજય માહિતી આયોગ દ્વારા બીજી અપીલ નં.ક્રમાંક જીઆઈસી/નં.અ–૧૬૮૪–૨૦૧૬ ના તા.૨૧–૫–૧૬ ના સંદર્ભમાં કરવામાં આવેલ હુકમ બાદ સુ.મ.પા. દ્વારા ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવેલ કામગીરી/શેરો, નોંધ, સૂચના, પરીપત્રની નકલ આપવી. **મુદ્દા નં.૨ઃ** અ–૧૬૮૪/૨૦૧૬ ના હુકમ બાદ નોડલ ઓફિસર સી.વાય ભટ્ટ દ્વારા લેવામાં આવેલ આજદિન સુધીના તમામ પગલાં, નોંધ, પત્રો, કાર્યવાહી તેમજ અરજદાર દ્વારા કરવામાં આવેલ ફરીયાદ–રીમાઈન્ડર સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની વિગત આપવી. જેના અનુસંધાને આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯ તા.૧૦–૫–૧૯ થી લાગત ઝોન/ખાતાના જાહેર માહિતી અધિકારીઓને આંશિક તબદીલ કરવામાં આવેલ. તથા નિયત સમયમર્યાદામાં પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮ તા.૨૩–૫–૧૯ થી "**મુદ્દા નં.૧ અને**

૨.

૨ :– બીજી અપીલ નં.૧૬૮૪/૧૬ના આયોગના હુકમ બાદ નોડલ ઓફિસર દ્વારા આરટીઆઈ સેલ ખાતેથી બહાર પાડવામાં આવેલ નોંધ/રીપોર્ટની **કોપીના ૧ પાનાના રૂા.૨/– લેખે ૯ પાનાના કુલ રૂા.૧૮/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે. મુદ્દા નં.૩ થી ૫** અત્રેના ખાતાને લાગત ન હોવાથી **માહિતી નીલ છે.** આ અંગે તબદીલી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯ તા.૧૦–૫–૧૯ થી લાગત ખાતાના જાહેર માહિતી અધિકારીઓને આપની **અરજી નિયત સમયમર્યાદામાં અત્રેથી તબદીલી કરવામાં આવેલ છે"** એવું જણાવવામાં આવેલ.

ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ તથા ખોટી અને અધૂરી માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૧૯ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર–રાંદેરઝોન તરફથી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ. સદર અપીલમાં પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯ તા.૧૦–૫–૧૯ના તબદીલી લેટરના નિર્ણય અંગે તથા પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીના નમૂનો–ખમાં નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગેનો પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮ તા.૨૩–૫–૧૯ ના નિર્ણય બાબતે અપીલ કરેલ છે. જેમાં નીચે મુજબની રજુઆત/દાદની માંગણી કરેલ છે.

૧. મુદ્દા નં.૧ અને ૨ બાબતે આરટીઆઈ સેલ દ્વારા નાણાં ભરવા જણાવેલ છે. જે હુકમ બાદ કરવામાં આવેલ કાર્યવાહી સંદર્ભની માહિતી છે.

૨. કમિશનરશ્રીને આયોગ દ્વારા હુકમ કરી જણાવેલ પરંતુ કમિશનરશ્રી કે કચેરી દ્વારા આજદિન સુધી શું કરવામાં આવ્યું તે જણાવવામાં આવ્યું નથી તેમ છતાં માહિતી કે પુર્તતા કરવામાં આવેલ નથી. જે પણ કાયદા મુજબ યોગ્ય નથી અને સમયમર્યાદા બાદ કાયદા મુજબ માહિતી કે પુર્તતા વિનામૂલ્યે કે મફત કરવાની રહે છે જેથી વિનામૂલ્યે કે મફત આપવી.

જેના અનુસંધાને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧ તા.૨૦–૬–૧૯ થી અપીલ અરજીમાં અત્રેના ખાતાને લાગત મુદ્દા નં. ૧ અને ૨ અંગે હુકમ બાદ કરવામાં આવેલ કાર્યવાહી અંગેની માહિતી **વિનામૂલ્યે** પુરી પાડવા અંગેના આધાર–પુરાવા તથા જે ખાતા/વિભાગમાં માહિતી ઉપલબ્ધ હોય ત્યાં આરટીઆઈ હેઠળની અરજી તબદીલી ન કરવા અંગેના આધાર–પુરાવા સહિતના કારણો તથા જાહેર માહિતી અધિકારીના તા.૨૩–૫–૧૯ ના પ્રસ્તાવ મુજબ નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ છે કે કેમ ? જે વિગતો અત્રેની કચેરીને દિન–૫માં મોકલી આપવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી આધાર–પુરાવા સહિત કોઈ પણ **રજુઆત અત્રેના ખાતાને મળેલ નથી.**

આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ જે જાહેર માહિતી અધિકારી પાસે માહિતી ઉપલબ્ધ હોય તે જાહેર માહિતી અધિકારીને નિયત સમયમર્યાદામાં કરવામાં આવેલ તબદીલી યોગ્ય જણાય છે.

અરજદારની સદર મૂળ અરજીની તા.૯–૫–૧૯ના દિન–૧૫ માં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, આરટીઆઈ સેલ દ્વારા નમૂના–ખ માં ફી ભરપાઈ કરી દસ્તાવેજ મેળવી લેવા પત્ર પાઠવવામાં આવેલ હોય, અરજદારની વિનામૂલ્યે માહિતી પુરી પાડવાની રજુઆત આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) અન્વયે કલમ–૭(૧) હેઠળ ઠરાવેલ સમય અવધિમાં નિકાલ ન થાય તો વિનામૂલ્યે પુરી પાડવાની જોગવાઈઓ સાથે સુસંગત જણાતી ન હોય, ગ્રાહ્ય રાખી શકાય નહીં.

આયોગ ખાતેની બીજી અપીલ નં.અ–૧૬૮૪/૨૦૧૬ના તા.૩૦–૩–૧૭ ના હુકમ અન્વયે ડે.મ્યુ. કમિ.શ્રી અને નોડલ ઓફિસર દ્વારા નાયબ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨ તા.૧૩–૬–૧૭ થી વિગતવાર પૂર્તતા કરવામાં આવેલ છે. આથી કમિશનરશ્રીને આયોગ દ્વારા હુકમ કરી

જણાવેલ પરંતુ કમિશનરશ્રી કે કચેરી દ્વારા આજદિન સુધી શું કરવામાં આવ્યું તે જણાવવામાં આવ્યું નથી તેમ છતાં માહિતી કે પૂર્તતા કરવામાં આવેલ નથી એ મુજબની અરજદારની રજુઆત યોગ્ય જણાતી નથી.

અરજદારની અરજીના મુદ્દા નં.૧ અને ૨ માટે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮ તા.૨૩–૫–૧૯ થી નમૂના–ખ દ્વારા નકલ ફી **રૂા.૧૮/–** ભરપાઈ કરવા જણવાવામાં આવેલ. તેમ છતાં અરજદાર દ્વારા આજદિન સુધી ફી ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯–૦૫–૧૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અને ૨ માટે આપવામાં આવેલ પ્રત્યુત્તર અનુસાર અરજદાર રૂા.૧૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. સદર અપીલ અરજી અંગે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(Sd-)
(એન. ટી. પટેલ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૫૯
તા.૦૧–૦૭–૨૦૧૯

પ્રતિ, (૧)  પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી પિંકલ પી. ઘીવાળા

અપીલ અરજી નં.૦૩ તા.૫–૧૦–૧૯
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈડી નં.૧૪૩૨ (ના.સુ.કે.– સેન્ટ્રલઝોન) તા.૦૩–૦૯–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૫–૧૦–૧૯ની અપીલ નં. SMC/FAP/RTI CELL/નં.૦૩/૧૯–૨૦

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈડી નં.૧૪૩૨ (ના.સુ.કે.–સેન્ટ્રલઝોન) તા.૦૩–૦૯–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૦–૧૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે એકઝી.આસી.એન્ડ મેનેજર અને જાહેર માહિતી અધિકારી–નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન તરફથી અત્રેના ખાતાને તથા યુ.સી.ડી. વિભાગને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતી/પાઠવેલ પત્રની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેઓનો પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૪ તા.૧૧–૧૦–૧૯ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને **જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ** તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૬ તા.૧૧–૧૦–૧૯ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક તરફથી તબદીલી અંગેનો પત્ર નં.સી./આરટીઆઈ સેલ/૨૧૦ તા.૫–૯–૧૯ ની નકલ, અરજદારની તા. ૦૩–૯–૧૯ની અરજીની નકલ, મુદ્દા નં. ૫ માટે લાગત જાહેર માહિતી અધિકારીઓને આશિક તબદીલ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬ તા.૦૯–૦૯–૧૯ની નકલ, અરજદારને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે નમૂનો–ખ માં પત્ર નં. આરટીઆઈ સેલ/૧૬૩ તા.૧૬–૯–૧૯ની નકલ, અરજદારને નાણાં ભરવા પાઠવેલ યાદપત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૧ તા.૫–૧૦–૧૯ની નકલ અત્રે મળેલ છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈડી નં.૧૪૩૨ (ના.સુ.કે.– સેન્ટ્રલઝોન) તા.૦૩–૦૯–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધી નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી./આરટીઆઈ/૨૧૦ તા.૫–૯–૧૯ થી અત્રેના આરટીઆઈ સેલ ખાતાને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૭–૯–૧૯ના રોજ મળેલ. જેના અનુસંધાને આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬ તા.૦૯–૯–૧૯ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી–યુ.સી.ડી. વિભાગને મુદ્દા નં.૫ માટે આંશિક તબદીલ કરવામાં આવેલ. તથા નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને લાગત **મુદ્દા નં.૧ થી ૪ તથા ૬ થી ૯** :– અત્રેના ખાતાના દફતરે ઉપલબ્ધ રેકર્ડ મુજબ માન.સંયુકત સચિવશ્રી એસ.કે. પ્રજાપતિ, સામાન્ય વહીવટ કચેરી, ગાંધીનગરના પરિપત્રની કોપીના ૧ પાના રૂા.૨/– લેખે **૫ પાનાના રૂા.૧૦/–** ભરપાઈ કરી તેની **રસીદ અત્રે રજુ** કર્યેથી મળી શકશે એવું જણાવેલ.

**મુદ્દા નં.૫ઃ**– આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી **યુ.સી.ડી. વિભાગમાંથી** મળી શકે અને એ માટે **આપની અરજી** અત્રેના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર **નં. આરટીઆઈ સેલ/૧૫૬ તા.૯–૯–૧૯** થી **આપની** જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર–યુ.સી.ડી.

વિભાગમાં **તબદીલ** કરવામાં આવેલ એવું અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૩ તા.૧૬–૯–૧૯ થી જણાવવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી–આરટીઆઈ સેલ તરફથી અરજદારને **યાદપત્ર** નં. આરટીઆઈ સેલ/૧૮૧ તા.૫–૧૦–૧૯થી દિન–૭ માં પૈસા ભરી તેની રસીદ રજુ કરી માહિતી મેળવી લેવા અન્યથા તેઓને માહિતી મેળવવામાં રસ નથી એમ માની નમુના–ક ની અરજી દફતરે કરવામાં આવશે જેની નોંધ લેશો એવું જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા આજદિન સુધી નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ નથી.

ત્યાર બાદ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૦–૧૯ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.–નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન તરફથી અત્રેના ખાતાને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ.

અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૪ અને ૬ થી ૯ માટે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૩ તા.૧૬–૯–૧૯ થી નમૂના–ખ ધ્વારા નકલ ફી **રૂા.૧૦/–** ભરપાઈ કરવા જણવાવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા આજદિન સુધી ફી ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૩–૦૯–૧૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૪ અને ૬ થી ૯ માટે આપવામાં આવેલ પ્રત્યુત્તર અનુસાર અરજદાર રૂા.૧૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. સદર અપીલ અરજી અંગે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(Sd-)
(આઈ.એમ.શાહ)
ઈ.ચા.સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૯૪
તા. ૨૪–૧૦–૨૦૧૯

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર